## -: જાહેરનામુ :-

## ભારતીય નાગરીક સુરક્ષા સહિતા-૨૦૨૩ની કલમ ૧૬૩ અન્વયે કાઢેલ હુકમ:-

ક્રમાંક:જી/DCP-ક્રાઈમ/ જાહેરનામું/૭૩૯/૨૦૨૫
નાયબ પોલીસ કમિશ્નર ક્રાઈમ બ્રાન્ચની કચેરી,
વડોદરા શહેર. તા. ૦૧/૦૫/૨૦૨૫

હુકમ :-

વડોદરા શહેરમાં મિલ્કત સંબંધી ચોરીઓના બનાવો પૈકી તાજેતરમાં વાહનચોરીના બનાવો પણ દિન પ્રતિદિન વધતા જણાયેલ છે, જેથી જયારે પણ વાહનચોરીના બનાવોની તપાસ કરવામાં આવે છે ત્યારે આવા વાહનો ચોરાયાની ફરીયાદ લીધા બાદ સમગ્ર પાસાઓની તપાસ કરવી જરૂરી રહે છે. શકય છે કે ચોરી ની ફરીયાદ લખાવ્યા બાદ બીજા ખોટા રજીસ્ટ્રેશન નંબર લગાવી તે વાહનનો ચોરીનો વીમો મેળવી ખોટા નંબર થી ઉપયોગમાં ચાલુમાં હોય અથવા તો જુના થયા બાદ કબાડીમાં વેચી નાખ્યા બાદ વીમો પકવવા માટે ફરીયાદ રજીસ્ટ્રર કરાવેલ હોય અથવા ટેક્ષી પાસિંગ અગર ટેક્ષી સીવાય પણ રોડ ટેક્ષ / આર.ટી.ઓ. ટેક્ષ બચાવવા માટે ખોટી ફરીયાદ કરેલ હોય, જેથી આવી બાબતોને ધ્યાનમાં લઈ તપાસ કરવી રહી, જેથી આવું થતું અટકાવવા તથા શોધી કાઢવા માટે અમુક નિયંત્રણો લાદવા જરૂરી હોય જેથી પી.યુ.સી. પ્રમાણપત્ર ઈસ્યુ કરનાર સંસ્થા ઉપર જાહેર જનતાના જાનમાલ મિલ્કતની સલામતી તથા સુરક્ષા માટે નીચે જણાવેલ કાર્યવાહી ફરજીયાત કરવાની રહેશે.

વાસ્તે હું નરસિમ્હા કોમાર, આઈ.પી.એસ., પોલીસ કમિશ્નર, વડોદરા શહેર ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા-૨૦૨૩ની કલમ ૧૬૩ અન્વયે મળેલ સત્તા ની રૂએ વડોદરા શહેરના પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં નીચેની કાર્યવાહી ફરજીયાત કરવા ફરમાવું છુ.

### -: ફરજીયાત કરવાની કાર્યવાહી :-

(૧) પી.યુ.સી. માટે વાહન લઈ આવનારનું નામ તથા મોબાઈલ નંબર ફરજીયાત પણે નોધવા.
(૨) પી.યુ.સી. માટે આવતાં વાહનો અંગે નીચે દર્શાવેલ બાબતોની નોધણી અંગેનું રજીસ્ટર નીભાવવું.

| અનં | પી.યુ.સી. આપનાર એજન્સીનું નામ | પી.યુ.સી. માટે આવેલ વાહનનો રજીસ્ટ્રેશન નંબર | પી.યુ.સી. માટે આવેલ વાહનનો પ્રકાર (કંપની/મોડલ) | વાહન લઈ આવનારનું નામ, સરનામું તથા મોબાઈલ નંબર | આપવામાં આવેલ પી.યુ.સી. નંબર તથા તારીખ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| | | | | | |

ઉપર મુજબના રજીસ્ટરોનો ડેટા ઓછામાં ઓછો એક વર્ષ સુધી વ્યવસ્થીત સાચવી રાખવાનો રહેશે, અને આ રજીસ્ટર ચેકિંગમાં આવનાર સક્ષમ પોલીસ અધિકારીશ્રી માંગણી કરે ત્યારે બતાવવાનુ રહેશે.

### - : અમલવારીનો પિરિયડ અને વિસ્તાર :-

આ હુકમનો અમલ તા.૦૩/૫/૨૦૨૫નાં ક.૦૦/૦૦ થી તા.૦૧/૭/૨૦૨૫ના ક.૨૪/૦૦ સુધી વડોદરા શહેર પોલીસ કમિશ્નરશ્રીની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તારમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા તે માટે મદદ કરનાર ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ ૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.તમામને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી શકય ન હોય આથી એક તરફી હુકમ કરૂ છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધિ દ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટીસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે, તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર પણ હુકમની નકલ ચોટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે, ગુજરાત પોલીસ એકટ કલમ ૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તા. ૦૧/૦૫/૨૦૨૫નાંરોજ મારી સહી સિકકો કરી આપેલ છે.

પોલીસ કમિશ્નર
વડોદરા શહેર, વડોદરા

( નરસિમ્હા કોમાર )
પોલીસ કમિશ્નર
વડોદરા શહેર.

પ્રતિ,
(૧) વડોદરા શહેર તમામ પો.સ્ટે. ઈન્ચાર્જશ્રીઓ (નકલો ચોટાડી લાઉડ સ્પીકર દ્વારા જાહેરાત કરાવવા સારૂ..)
(૨) વડોદરા શહેર પોલીસના તમામ સ્કવોડ તથા શાખા ઈન્ચાર્જશ્રીઓ.
(૩) વડોદરા શહેર કંટ્રોલ રૂમ ઈન્ચાર્જશ્રી, જાણ તથા વર્તમાન પત્રો દ્વારા પ્રસિધ્ધી સારૂ.
(૪) વડોદરા શહેર પોલીસના તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રીઓ, તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ તરફ..

**જયભારતસહ નકલ રવાના :–**
(૧) અધિક મુખ્ય સચિવ શ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૨) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા.ગાંધીનગર
(૩) અધિક પોલીસ મહાનિદેશક શ્રી, (ઈન્ટે.) ગુ.રા., ગાંધીનગર.
(૪) પોલીસ કમિશ્નર શ્રી, અમદાવાદ શહેર, રાજકોટ શહેર, સુરત શહેર.
(૫) અધિક પોલીસ કમિશ્નર શ્રી, 'ક્રાઈમ અને ટ્રાફીક', વડોદરા શહેર, વડોદરા.
(૬) નાયબ પોલીસ મહાનિરીક્ષક શ્રી , વડોદરા રેન્જ, વડોદરા.
(૭) રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, ગુ.રા. સોલારોડ અમદાવાદ.
(૮) જેલ અધિક્ષક શ્રી, વડોદરા સેન્ટ્રલ જેલ, વડોદરા.
(૯) રજીસ્ટ્રાર શ્રી, ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, વડોદરા.
(૧૦) રજીસ્ટ્રાર શ્રી, એડીશનલ સેશન્સ મેજી.શ્રી, કોર્ટ, વડોદરા.
(૧૧) રજીસ્ટ્રાર શ્રી, ચીફ જયુડીશીયલ મેજી.શ્રી કોર્ટ, વડોદરા.
(૧૨) કમિશ્નર શ્રી, માહિતી વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૧૩) મ્યુનિસિપલ કમિશ્નર શ્રી, વડોદરા શહેર, વડોદરા.
(૧૪) કલેકટર અને જીલ્લા મેજીસ્ટ્રેટ શ્રી, વડોદરા
(૧૫) પોલીસ અધિક્ષક શ્રી, વડોદરા ગ્રામ્ય, વડોદરા.
(૧૬) પોલીસ અધિક્ષક શ્રી, રેલ્વે વડોદરા તથા પો.ઈન્સ.શ્રી, વડોદરા રેલ્વે પો.સ્ટે.
(૧૭) જીલ્લા સરકારી વકીલ શ્રી, સેસન્સ કોર્ટ, વડોદરા.
(૧૮) મેનેજરશ્રી, ગવર્નમેન્ટ પ્રેસ, વડોદરા. (ગેઝેટ ભાગ–૧ માં પ્રસિધ્ધ કરવા સારુ).
(૧૯) આસી. કમિશ્નરશ્રી, (ઈન્ટે.) વડોદરા રીજીયન વડોદરા.
(૨૦) મામલતદાર અને એકઝીકયુટીવ મેજી.શ્રી, વડોદરા શહેર, વડોદરા.
(૨૧) મામલતદાર અને એકઝીકયુટીવ મેજી.શ્રી, વડોદરા તાલુકા, વડોદરા.
(૨૨) સંયુકત માહિતી નિયામકશ્રી, વડોદરા.

**૨/– સ્થાનિક વર્તમાનપત્રો તેમજ ચેનલોમાં વિના મુલ્યે બહોળી પ્રસિધ્ધી કરવા વિનંતી સહ.**